## પોલીસ અધિક્ષકની કચેરી,ડાંગ-આહવા ➡ અવનવું સેકશન વિભાગ

### (પર્યટકો / સહેલાણીઓની સુરક્ષા અને સલામતી માટે પ્રવાસી મિત્ર તરીકેની કામગીરી)

ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે **"પ્રવાસી મિત્ર પ્રોજેક્ટ અંતર્ગત"** સાપુતારા ના વિવિધ પર્યટન સ્થળો પર ખાસ તાલીમ આપવામાં આવેલ ગ્રામ રક્ષકદળના ચુનંદા જવાનોને પોલીસએજ પ્રજાનો મિત્ર છે એવી ભુમિકા અદા કરવવા અને પ્રજાનો મિત્ર તરીકેની અન્ય સેવાઓનું પ્રદાન કરાવતા ડાંગ જિલ્લાના પોલીસ અધિક્ષકશ્રી,યશપાલ જગાણીયા નાઓ દ્વારા વિદેશી પ્રવાસીઓની સુરક્ષા અને સલામતીના ભાગરૂપે નોડલ ઓફિસર તરીકે **શ્રી,એસ.જી.પાટીલ નાયબ પોલીસ અધિક્ષક, આહવા વિભાગ,આહવા** નાઓની નિમણુંક કરવામાં આવેલ છે. અને તેઓના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવતા વિવિધ પર્યટન સ્થળો વિશેની માહિતી પુરી પાડવા અને પ્રવાસી મિત્ર તરીકેની ફરજ બજાવનાર ગ્રામ રક્ષકદળના જવાનોને QR કોડ આપવામાં આવેલ છે જે સ્કેન કરતા પોલીસ વિભાગની તેમજ સરકારના અન્ય વિભાગોની માહિતી મેળવી શકાશે તેમજ ડાંગ જિલ્લા પ્રવાસે આવતા પર્યટકો / સહેલાણીઓને કોઇ મુશ્કેલીઓ ન પડે તે માટે દરેક પર્યટન સ્થળો પર પ્રવાસી મિત્રોને પોઇન્ટો પર ગોઠવી દૂર-દૂરથી આવેલ પ્રવાસીઓને વિવિધ પ્રકારે મદદરૂપ થઇ શકશે અને સૌ પર્યટકો સહી સલામત પોતાના વતને પરત ફરે તેવા પ્રયાસો સાથે ડાંગ જિલ્લા પોલીસ દ્વારા પોલીસ એ પ્રજાનો મિત્ર છે તેવો સંદેશો પાઠવી. સૌ પ્રવાસીજનો તરફથી સારો પ્રતિસાદ ડાંગ જિલ્લાના પોલીસ જવાનોએ મેળવેલ છે.

બિડાણ : ફોટો સામેલ રાખેલ છે.







